**ક્રિમીનલ કેસ નં.૭૭૫૧૯/૧૯**

**આંક–૧ લગત હુકમ**

આ કામનાં આરોપી યશ ઉર્ફે હનીસીંગ સ./ઓ. રામવીરસીંગ ચૌહાણ ને સમન્સ/વોરંટ કરતા ઘણા લાંબા સમયથી મળી આવેલ નથી. સદર કામના ફરીયાદીને અત્રેની કોર્ટથી સમન્સ/વોરંટ કાઢતા ફરીયાદી અત્રેની કોર્ટમાં હાજર થયેલ છે અને આંક–..... વાળી સમાધાન પુરસીસ રજુ કરેલ છે. આ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવુ જાહેર કરેલ છે. આ સંજોગોમાં નામ. કેરાલા હાઈકોર્ટે ક્રી. પ. અ. નં. ૩૨૧૫/૨૦૦૭ વાય. પી. બૈજુ વી. સ્ટેટ ઓફ કેરાલા અને બીજાઓ (૨૦૦૮ સી.આર. એલ. જે. ૯૨૮ ) ના કેસમાં તા.૩૦/૧૦/૨૦૦૭ ના રોજ આપેલ ચુકાદામાં પ્રતીપાદીત કરેલ સિધ્ધાંત મુજબ આરોપી હાજર ન હોવા છતાં ક્રી. પ્રો. કોડની કલમ–૩૨૦ મુજબ ગુનો સમાધાન લાયક હોય ત્યારે સમાધાન રેકર્ડ પર લઈ આગળની કાર્યવાહી કરવી વ્યાજબી જણાય છે. આ કામે આરોપી સામે ઈ.પી.કો. કલમ–૩૭૯ મુજબના ગુનાનું તહોમત છે. જે ક્રી. પ્રો. કોડની કલમ–૩૨૦(૧) અન્વયે સમાધાન લાયક ગુનો હોય, નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**: હુ ક મ :**

ક્રિ. પ્રો. કોડની કલમ–૩૨૦(૧)(૮) અન્વયે આ કામનાં આરોપી યશ ઉર્ફે હનીસીંગ સ./ઓ. રામવીરસીંગ ચૌહાણ ને તેમની સામેના ઈ.પી.કો. કલમ–૩૭૯ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુંકવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ અંગે તેમનાં માલિકીની ખરાઈ કરી પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે. અગાઉ મુદામાલ અંગે વચગાળાનો હુકમ થયેલ હોય તો તે હુકમ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૧, માહે– ફેબ્રુઆરી સને–૨૦૨૩ ના રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૧ / ૦૨/૨૦૨૩
સ્થળ : અમદાવાદ

( મનીષ વી. ચૌહાણ )
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૧, અમદાવાદ.
જજ કોડ નં.જી.જે.૦૧૦૧૫.